SC

SEAT No.________ **No. of Printed Pages : 2**

[69]

SARDAR PATEL UNIVERSITY

M.A. Examination 1st Semester (Gujarati) (NC)

Wednesday, date: 28-3-2018 Time: 10-00 to 1-00 PM

Paper code: PA01CGUJ08 Title: Arvachin Gujarati Kavitano vikas

Total marks: 70

પ્રશ્ન:૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ગુણ :૧૦

૧) દલપતરામના 'બાપાની પીંપર' કાવ્યનો સમય જણાવો.

અ) ઇ.સ. ૧૮૫૩ બ) ઇ.સ.૧૮૫૪ ક) ઇ.સ.૧૮૪૫ ડ) ઇ.સ.૧૮૫૭

૨) નીચેનામાંથી કયો ક્રમ સાચો છે?

અ) પૂર્વાલાપ-યાત્રા-વસંતવર્ષા-પુનરપિ

બ) પૂર્વાલાપ-વસંતવર્ષા-યાત્રા-પુનરપિ

ક) પુનરપિ-પૂર્વાલાપ-યાત્રા-વસંતવર્ષા

ડ) વસંતવર્ષા-પૂર્વાલાપ-યાત્રા-પુનરપિ

3) નીચેની યાદીને આધારે યોગ્ય યુગ્મો રચો.

| યાદી:૧ | યાદી:૨ |
|---|---|
| ૧) સુન્દરમ્ | ૧) કાલગ્રંથિ |
| ૨) રમેશ પારેખ | ૨) ખડિંગ |
| 3) રાજેન્દ્ર શાહ | 3) ઇક્ષણા |
| ૪) લાભશંકર ઠાકર | ૪) વરદા |

અ) ૧-૧, ૨-3, 3-૨, ૪-૪ બ) ૧-3, ૨-૪, 3-૨, ૪-૧

ક) ૧-3, ૨-૧, 3-૪, ૪-૨ ડ) ૧-૪, ૨-૨, 3-3, ૪-૧

૪) ગુજરાતી કવિતા ઉપર નીચેનામાંથી કોનો પ્રભાવ પડયો નથી?

અ) બોદલેર બ) ઇશીગુરુ

ક) રિલ્કે ડ) એલિયટ

૫) નીચેની પંક્તિ પૂર્ણ કરો.

રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, .. .........

.....................જાણે વસંતે શિરપાવ દીધો.

૬) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન:૧ ' દલપતરામનું 'હાથી તણું બચ્ચું' કાવ્ય ચોપાઇ છંદમાં છે.

વિધાન:૨ 'દલપતરામનું 'ચંદ્રોદય ' કાવ્ય દોહરામાં રચાયેલું છે.

અ) વિધાન:૧ અને ૨ બન્ને ખોટાં બ) વિધાન: ૧ અને ૨ બન્ને સાચાં

ક) વિધાન: ૧ સાચું, ૨ ખોટું ડ) વિધાન:૧ ખોટું , ૨ સાચું

૭) નીચેનાંમાંથી કયું અસંગત છે? તે જણાવો.

અ) ઊંટ કહે : કવિત

બ) સજ્જન સમ ગણી સેવતાં : મુક્તક

ક) અટકચાળો છોકરો : કથાકાવ્ય

ડ) મેઘરાઈની ચડાઈ : ગરબી

૮) 'મ્હારાં સોનેટ'નું પ્રકાશન વર્ષ જણાવો.

અ) ઇ.સ.૧૯૧૮ બ) ઇ.સ.૧૯૨૮ ક) ઇ.સ.૧૯૩૫ ડ) ઇ.સ.૧૯૩૪

૯) ગુજરાતીમાં પ્રાસહીન પદ્યની નિકટ જવા બ.ક.ઠાકોરે કયો છંદ પ્રયોજ્યો હતો?

અ) હરિણી બ) દોહરો ક) પૃથ્વી ડ) ઉપજાતિ

૧૦) નીચેનામાંથી કયું કાવ્ય બ.ક.ઠાકોરનું નથી?

અ.વધામણી બ. જૂનું પિયેર ઘર ક. મોગરો ડ. વરસાદની એક સવાર



(P.T.O.)

પ્રશ્નઃ૨ અર્વાચીન ગુજરાતી કવિતાને ઘડનારાં પરિબળોની વિગતે પરિચય કરાવો.

(ગુણ:૧૫ )

**અથવા**

મધ્યકાલીન ગુજરાતી કવિતાથી અર્વાચીન ગુજરાતી કવિતા કઈ રીતે ભિન્ન છે તે જણાવી પંડિતયુગની કવિતાને ઘડનારાં પરિબળો જણાવો.

પ્રશ્નઃ3 ગાંધીયુગની ગુજરાતી કવિતાની વિકાસરેખાનો વિગતે પરિચય કરાવો.

(ગુણ :૧૫)

**અથવા**

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ. પંડિતયુગના કવિઓ    બ. સુધારકયુગના કવિઓ

પ્રશ્નઃ૪ " દલપતરામનો એક પગ મધ્યકાળમાં અને એક પગ અર્વાચીનકાળમાં છે"- આ વિધાનની 'દલપતરામનાં શ્રેષ્ઠ કાવ્યો'ને આધારે સમીક્ષા કરો.

**અથવા**

ટૂંક નોંધ લખો. (બન્ને)    (ગુણ:૧૫)

અ) દલપતરામનાં મુક્તકો

બ) દલપતરામનાં કથાકાવ્યો

પ્રશ્નઃ ૫ 'મ્હારાં સોનેટ'સંગ્રહને આધારે બ.ક.ઠાકોરની સોનેટકાર તરીકેની પ્રતિભાનો પરિચય કરાવો.

(ગુણ:૧૫)

**અથવા**

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) બ.ક.ઠાકોરનાં સોનેટોની મર્યાદા

બ) બ.ક.ઠાકોરનાં સોનેટોમાં પ્રણયસંવેદનો

—x—